ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

સરગાસણ અશ્વમેધ કોમ્પ્લેક્ષમાં ગેરેજમાં આગ લાગી : લાખો રૂપીયાનો સામાન બળીને ખાખ

આગની જવાળામાં ગેરેજમાં રહેલો સામાન સંપૂર્ણ બળીને રાખ : ફાયર જવાનોની ભારે મહેનત બાદ આગ પર કાબુ મેળવ્યો

(તસવીર : શૈલેન્દ્ર સોલંકી)

ગાંધીનગર,તા.૨૬

સરગાસણ ચાર રસ્તા નજીક અશ્વમેધ કોમ્પ્લેક્ષમાં આવેલી ગેરેજની દુકાનમાં આજે વહેલી સવારે અચાનક આગ ભભુકી ઉઠી હતી. આગના ગોટેગોટા જોઈ સ્થાનિક વેપારીઓ અને નાગરીકોમાં પણ ડરનો માહોલ જોવા મળ્યો હતો. બનાવની જાણ થતા ફાયર વિભાગની ટીમ આવી પહોંચી હતી. ફાયર જવાનોએ પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવી લીધો હતો. પરંતુ આગની જવાળામાં ગેરેજમાં રહેલો સામાન સંપૂર્ણ બળીને રાખ થઈ જતા ગેરેજ સંચાલકને હજજારો રૂપીયાનું નુકશાન થયું છે.

મળતી વિગત મુજબ સરગાસણ અશ્વમેધ કોમ્પ્લેક્ષમાં દુકાન નં.૩૪ માં ગામનો યુવાન અશોક ઠાકોર છેલ્લા કેટલાક સમયથી ચાંમુડા ગેરેજ નામની દુકાન ચલાવે છે. આજે બંધ દુકાનમાં અચાનક આગ ભભુકી ઉઠી હતી. ગણતરીના સમયમાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. ધુમાડાના ગોટેગોટા દુર દુર સુધી દેખાતા હતા. આગને પગલે સ્થાનિક વેપારીઓ તેમજ નાગરીકો એકઠા થઈ ગયા હતા. ત્યારે ફાયર વિભાગને એક યુવકે જાણ કરતા ફાયર ટીમના જવાનો તાત્કાલીક સરગાસણ પહોંચી ગયા હતા. ફાયર જવાનોએ હજજારો લીટર પાણીનો મારો ચલાવી આગ પર કાબુ કરી લીધો હતો. આગ આસપાસની દુકાનો તેમજ અન્ય જગ્યાએ ન ફેલાય તેની પણ ફાયર જવાનોએ ખાસ તકેદારી રાખી હતી. જો કે આગ શોર્ટ સર્કિટથી લાગી હોવાનું પ્રાથમિક અનુમાન છે. ત્યારે દુકાનમાં રહેલ સ્પેર પાર્ટસ, ફર્નિચર સહિત અન્ય સામાન બળીને રાખ થઈ ગયો હતો. દુકાનમાં આગ લાગતા ભારે નુકશાન થવા પામ્યું છે.

શહેરમાં ઘ, ખ અને જ-માર્ગ પર વન આરક્ષિત જગ્યામાં ફેન્સીંગનુ કામ અગ્રતાક્રમે હાથ ધરાશે

વનતંત્રએ ફેન્સીંગની કામગીરીને અનુલક્ષી વિભાગને રૂ ૫,૫૦ કરોડના ખર્ચને મંજુરી આપવા દરખાસ્ત કરી છે મંજુરીના અંતે કામ હાથ ધરાશે

ગાંધીનગર તા ૨૬

ગાંધીનગરમાં વન વિસ્તારની હાલત હાલ કંગાળ જોવા મળે છે. દબાણ , ગંદકી અને રખડતા ઢોરની સમસ્યાથી ઉભરતા વન વિસ્તારમાં નવા રોપાઓની વાવણી બાદ તેના ઉછેર સામે પણ પ્રશ્નાર્થ સર્જાય તેવી સ્થિતિ છે. શહેરના ઉભા આડા માર્ગો આસપાસ સ્થિત તુટેલી ફેન્સીંગમાં ઠેર ઠેર ગાબડા અસ્તિત્વમાં આવ્યા છે. જો કે ફેન્સીંગની કામગીરીને અનુલક્ષી વનતંત્રએ અગાઉ રૂ ૫.૫૦ કરોડના ખર્ચને મંજુરી આપવા માટે વિભાગને દરખાસ્ત કરી છે. જેની મંજુરીના અંતે શહેરના રોડ નં - ૧ થી ૪ અને ખ, ઘ અને જ માર્ગ પર અગ્રતાક્રમે ફેન્સીંગનુ કામ હાથ ધરવામાં આવશે અન્ય રૂટમાં પણ પાણી ગટરની લાઈનના કામના લીધે ફેન્સીંગની કામગીરી તે મુજબ આયોજન કરવામાં આવશે.

ગાંધીનગરમાં વરસાદી દિવસો દરમિયાન નવા રોપાઓની વાવણી કરવામાં આવી છે. ચોમાસા દરમિયાન નવા રોપાઓની વાવણી માટે ઉનાળા દરમિયાન જ ખાડા ખોદીને તૈયાર કરી દેવામાં આવે છે. જયારે આ વર્ષે પણ શહેરના ઉભા આડા માર્ગો આસપાસ અંદાજિત ૩૦ હજારથી નવા રોપાઓની વાવણી કરવામાં આવી છે. જયારે શહેરમાં વિવિધ વિસ્તારમાં વનકવચ યોજના અન્વયે પણ ૧૦ હેકટરમાં જુદા જુદા પ્રકારના રોપાઓનુ વાવેતર કરવામાં આવ્યુ છે. જેમાં આર્યુવેદિક રોપાઓનો પણ સમાવેશ થાય છે. બીજીતરફ નગરમાં છેલ્લા ઘણાં સમયથી વન આરક્ષિત વિસ્તારની હાલત કંગાળ છે. વન આરક્ષિત વિસ્તારમાં સફાઈના અભાવે ગંદકી જોવા મળી રહી છે. જયારે રખડતા ઢોર માટે પણ વન વિસ્તાર આશ્રય સ્થાન બની ગયુ છે. વન વિસ્તારમાં લાંબા સમયથી સફાઈ પણ કરવામાં આવતી નથી જયારે તુટેલી ફેન્સીંગના લીધે દબાણની સમસ્યા પણ પેચીદી બની છે. વન વિસ્તારમાં નજર નાંખો ત્યાં લારી ગલ્લા અને ઝુંપડાના દબાણો વધી ગયા છે.

● અનુસંધાન પાન-૭ પર

શહેરમાં શેરી સફાઈના અથાગ પ્રયાસોના અંતે સ્માર્ટ સીટીની ભીતરમાં ગંદકીના દ્રશ્યો જોવા મળી રહ્યા છે. કચરો દુર કરી નગરને રોચક બનાવાની વાત તંત્રની સાથે સાથે નગરજનોની પણ છે. તો બીજીતરફ શહેરને પ્લાસ્ટીક મુકત બનાવાનુ અભિયાન પણ કોઈ ને કોઈ કારણે ખોરંભાયું છે. શહેરમાં બિન્દાસ્ત અને બેરોકટોક પ્લાસ્ટીકનો ઉપયોગ થાય છે. પ્લાસ્ટીક મુકિતના નામે સમયાંતરે દંડ વસુલવામાં પણ આવે છે. પરંતુ વેપારીઓ અને વપરાશકર્તાઓમાં કોઈ અસર જોવા મળતી નથી. હાઈટેક વિકાસની યોજનાઓના અમલ વચ્ચે શહેર વિકસિત થતુ જાય છે. પરંતુ હરિયાળી અને જન આરોગ્ય સામે ખતરારૂપ પરિબળો ડામવા હજુ શહેરમાં સ્વયં જાગૃતિ લાવવાની જરૂર છે. સેકટરોમાં વિવિધ ઠેકાણે કચરાના ઢગ જોવા મળે છે. પ્લાસ્ટીક મુકત ગાંધીનગરનુ સ્વપ્ન હજુ સાકાર કરવા પ્લાસ્ટીક અને કચરાનો યોગ્ય નિકાલની જવાબદારી નગરજનોની પણ એટલી જ છે જેટલી વહીવટી તંત્રની છે... શહેરમાં રખડતા ઢોરનો પ્રશ્ન પણ જટીલ છે ત્યારે શહેરમાં વધતા પ્લાસ્ટીકનો ઉપયોગ પણ એટલો જ જટિલ પ્રશ્ન છે. નગરજનો દ્વારા જો જાગૃતિ લાવી પ્લાસ્ટીકનો ઉપયોગ ટાળવામાં આવે તો શહેરને આ ફેલાતા કચરાથી બચાવી શકાય. ત્યારે જ સ્માર્ટસીટી બનાવી શકીશું. જ્યારે બીજી તરફ આ કચરાનો યોગ્ય નિકાલ ન થતો હોવાથી કચરો જ્યાં ત્યાં ફેંકવામાં આવતા મુંગા પશુઓને પણ આ કચરામાં ખોરાકની શોધ કરવી પડે છે જેના કારણે મુંગા પશુના પેટમાં શહેરની જેમ પ્લાસ્ટીકનો કચરો સ્વાહા થઈ જાય છે...

(તસવીર : શૈલેન્દ્ર સોલંકી)

ભાઈ બહેનના હેતના પર્વને અનુલક્ષી ડેપો વિવિધ રૂટમાં વધારાની ૧૨ બસો દોડવશે

દાહોદ, ઝાલોદ, રાજકોટ અમદાવાદ, ભાવનગર સહીતના રૂટમાં ટ્રાફિકને અનુલક્ષી જરૂર મુજબ વધારાની બસો દોડાવાશે

ગાંધીનગર તા ૨૬

ગાંધીનગર એસ ટી ડેપોમાં તહેવારોના દિવસે વિશેષ ટ્રાફિક જોવા મળે છે .જયારે તહેવારોને અનુલક્ષી આમ નાગરિકોને સરળતાથી સલામત સવારી નસીબ થાય તેમજ ખાનગી વાહનોમાં જોખમી મુસાફરી કરવી પડે નહી તેવા આશયથી ધાર્મિક તહેવારોને અનુલક્ષી ડેપો કક્ષાએથી વધારાની બસ સેવા પુરી પાડવામાં આવે છે. આગામી રક્ષાબંધનના પર્વને અનુલક્ષીને પણ દાહોદ, ઝાલોદ , અમદાવાદ, ભાવનગર અને રાજકોટ સહીતના રૂટમાં વધારાની ૧૨ બસો દોડાવાશે આગામી તા ૩૦ ઓગષ્ટ સુધી ટ્રાફિક મુજબ આ બસોના રૂટનુ સંચાલન કરવામાં આવશે.

ગાંધીનગર એસ ટી ડેપો દ્વારા તહેવારોના દિવસોમાં નાગરિકોની પડતી હાલાકી નિવારવા માટે વધારાની બસો દોડાવામાં આવે છે. જેમાં નવરાત્રી દિવાળી તેમજ સાતમ આઠમ અને હોળી ધુળેટીના

● અનુસંધાન પાન-૭ પર

શક્તિસિંહ ગોહિલના આક્ષેપો પ્રજાને ગેરમાર્ગે દોરનારા છે - ઋષિકેશ પટેલ

અદાણીને થયેલ ચૂકવણી રાજ્ય સરકાર દ્વારા નક્કી કરવામાં આવનાર બેઝ રેટ મુજબ સરભર થશે : હાલમાં થયેલ ચૂકવણી અંતિમ નથી - મંત્રી ઋષિકેશ પટેલ

ગાંધીનગર, તા. ૨૬

રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે આજરોજ પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ શક્તિસિંહ ગોહિલ દ્વારા અદાણી પાવર મુદ્રાને દસ્તાવેજો વગર પાછલા પાંચ વર્ષ દરમ્યાન વધારાના એનર્જી ચાર્જ પેટે કરોડો રૂપિયાની ચૂકવણી થઈ છે તેવા આક્ષેપોનો વિસ્તૃત જવાબ આપતા જણાવ્યુ હતુ કે આ આક્ષેપો પ્રજાને ગેરમાર્ગે દોરનારા છે. આના અનુસંધાને પ્રવક્તા મંત્રીએ વિશેષ વિગતો આપતા જણાવ્યુ હતુ કે ૨૦૦૬માં કેન્દ્ર સરકાર દ્વારા નેશનલ ટેરીસ પોલીસી જાહેર કરવામાં આવેલ જે મુજબ વિજ કંપનીઓ દ્વારા ખાનગી વિજ મથકોમાંથી લાંબાગાળાના કરાર માત્ર સ્પર્ધાત્મક બિડિંગ પ્રક્રિયા દ્વારા કરવાનુ જણાવવામાં આવેલ છે. તેના અનુસંધાને ૨૦૦૭માં આવી પ્રક્રિયા કરીને વીજળી ખરીદ કરવામાં આવેલ જેની રાજ્ય વિજ નિયમન આયોગ પાસેથી મંજૂરી મેળવવામાં આવેલ. રાજ્ય દ્વારા અદાણી પાવર લિ. સાથે બે વીજ ખરીદી કરાર તા. ૬-૨-૨૦૦૭ અને ૨-૨-૨૦૦૭માં કરવામાં આવેલ. તે પછી જુલાઈ-૨૦૧૮ના ઠરાવથી સરકાર દ્વારા સુપ્રિમ કોર્ટના રિટાયર્ડ જસ્ટીસ આર.કે. અગ્રવાલની અધ્યક્ષતામાં હાયપાવર કમિટીની રચના કરવામાં આવેલ અને રાજ્યમાં સ્થિત આયાતી કોલસા આધારિત વિજ પ્રોજેક્ટ દ્વારા ઈન્ડોનેશીયન કોલસાના ભાવમાં થયેલ ફેરફારના કારણે ઉદ્‌ભવેલ મુદ્દાઓના નિરાકરણ માટે ભલામણ મેળવેલ.

રાજ્યના ગ્રાહકોને સતત વિજ પૂરવઠો ઉપલબ્ધ કરાવવાના હેતુથી રાજ્ય સરકાર દ્વારા હાઈ પાવર કમિટીની ભલામણ અમુક સુધારા સાથે સ્વિકાર કરવામાં આવેલ અને કુલ વિજદર ઓછો રહે તે માટે ફિક્સ કોસ્ટમાં રૂ. ૦.૨૦ પૈસાનો યુનિટનો ઘટાડો

● અનુસંધાન પાન-૭ પર

સે-૩૦માં લાઈનનુ ખોદકામ હાથ ધરાતા શોપિંગ પાસેનો રસ્તો બંધ રહીશોને હાલાકી

વરસાદી દિવસો દરમિયાન ખોદકામના લીધે ઘણા ઠેકાણે આજા ફસાજા જેવી સ્થિતિ સર્જાય છે

ગાંધીનગર તા ૨૬

ગાંધીનગરમાં વરસાદી દિવસો દરમિયાન સેકટરોના આંતરિક માર્ગોનુ આમ પણ ધોવાણ થયુ

(તસવીર : શૈલેન્દ્ર સોલંકી)

છે જયારે નિયત સમયના અંતે હવે માર્ગ સુધારણાની કામગીરી પણ અનિવાર્ય બની છે. ત્યારે પાણી ગટરની લાઈનના લીધે થતા ખોદકામના લીધે પણ આંતરિક માર્ગોનુ નેટવર્ક ઉબડ ખાબડ બન્યુ છે. યુટીલીટીઝ લાઈનમાં પણ અનેકવાર ભંગાણ થતા હોવાના કીસ્સાઓ સામે આવે છે. ત્યારે ઘણીવાર ખોદકામના લીધે રસ્તાઓ બંધ થઈ જતા આજા ફસાજા જેવી સ્થિતિ સર્જાય છે. સે-૩૦ માં શોપિંગ વિસ્તાર નજીક ખોદકામના લીધે રસ્તો બંધ કરી દેવાયો છે.

ગાંધીનગરમાં પાણી ગટરની નવી લાઈન નાંખવા માટે ઠેર ઠેર રસ્તા ખોદવામાં આવ્યા છે. અગાઉ આ યોજનાની કામગીરી દરમિયાન સેકટરોમાં અનેક ઠેકાણે વિજજોડાણના વાયરો પણ કટ થતા લાઈટો ડુલ થઈ જતી હોવાની ફરિયાદો પણ વિશેષ ઉઠવા પામતી હતી જયારે નવી લાઈન નાંખવાની કામગીરી દરમિયાન હયાત લાઈનમાં ગાબડા પડતા હોવાના પણ અનેકવાર ફરિયાદો સામે આવી છે જેના લીધે પાણી પુરવઠો પણ પ્રભાવિત થયો છે. સેકટરોમાં પાણી ગટરની લાઈનના ખોદકામના લીધે સ્થાનિકો પણ તોબા પોકારી ગયા છે. રસ્તાઓ તુટવા સહીત અનેક ઠેકાણે ખાડા ટેકરાની સ્થિતિ સર્જાઈ છે. જયારે રૂટમાંથી પસાર થતી યુટીલીટીઝ લાઈન પણ વારંવાર ડીસ્ટર્બ થતી હોવાના લીધે રહીશોને મળતી અનેક સેવાઓ પણ ખોરવાતી હોવાની ફરિયાદો પણ સ્થાનિકો માટે રોષનુ કારણ બની છે. એકબાજુ લાઈનના ખોદકામના લીધે સેકટરોમાં આંતરિક માર્ગોનુ અસ્તિત્વ ભુંસાઈ ગયુ હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. અધુરુમાં પુરુ કોર્પોરેશન દ્વારા પણ સેકટરોમાં સોસાયટીથી રીંગ રોડ સુધી કેટલાક ઠેકાણે વરસાદી પાણીના નિકાલની લાઈનના ટુકડા નવા નાંખવાની કામગીરી દરમિયાન બુલડોઝર ફેરવી દેવાતા સેકટરોના આંતરિક માર્ગો હાલ માર્ગ સલાતમીની દ્રષ્ટીએ જોખમી બન્યા છે. ત્યારે પાણી ગટરની લાઈન ખોદતી વેળાએ સ્થાનિક રહીશોને પડતી સમસ્યાને ધ્યાનમાં રાખી કામ કરવામાં આવે તેવી લાગણી અને માંગણી પણ પ્રબળ બની છે. શહેરના સે૩૦ માં શોપિંગ વિસ્તાર પાસે પાણીની નવી લાઈન નાખવાનુ કામ ચાલી રહ્યુ છે. જયારે સ્થળ પર બુલડોઝર ફેરવી ખાડો ખોદવામાં આવ્યો છે જેના લીધે છેલ્લા બે દિવસથી આ માર્ગ બંધ થઈ ગયો છે.

● અનુસંધાન પાન-૭ પર

શહેરમાં મચ્છર ઉત્પત્તિ સ્થાનો ડામવા આરોગ્ય તંત્રની ટીમ એક્ટિવ મોડમાં

મચ્છરોના ઉપદ્રવને ડામવા માટે ૨૦૦ વર્કરો સર્વે કરી રહ્યા છે : મચ્છર ઉત્પતિ સ્થાનોને ડામવા માટે નોટીસ અને દંડ વસુલી સહીતના આકરા પગલા લેવામાં આવે છે : વાહક જન્ય રોગચાળાના નિયંત્રણ માટે નાગરિકોએ પણ જવાબદારી નિભાવવા અપીલ

(તસવીર : શૈલેન્દ્ર સોલંકી)

ગાંધીનગર તા ૨૬

ગાંધીનગર કોર્પોરેશનની આરોગ્ય વિભાગની ટીમે આ મામલે તપાસ હાથ ધરીને મચ્છર ઉત્પત્તિ સ્થાનો ડામવા માટે ઝુંબેશ હાથ ધરી છે. આ માટે મહાનગરપાલિકાના વિસ્તારમાં ૪૮ હેલ્થ વર્કરો તેમજ ૧૫૦ જેટલા વેકટર કન્ટ્રોલ ટીમના વર્કરા પણ સર્વે કરી રહ્યા છે. વાહક જન્ય રોગચાળાના નિયંત્રણ માટે અગાઉ પણ આરોગ્યની ટીમે શહેર તેમજ આસપાસની કન્સ્ટ્રકશન સાઈટની સ્થળ તપાસ કરીને નોટીસના અંતે દંડ વસુલી સહીતના આકરા પગલા લીધા છે. જયારે હાલ પણ શહેરમાં મચ્છર જન્ય રોગચાળાને ડામવા માટે જયાં પણ મચ્છરોનુ ઉત્પત્તિ સ્થાન જોવા મળે તેવા કિસ્સામાં નોટીસ આપવામાં આવી રહી છે.

જયારે બે નોટીસના અંતે દંડ વસુલી સહીતના આકરા પગલા પણ લેવામાં આવે છે. રહેણાંક અને કોર્મશિયલ વિસ્તારમાં મચ્છર ઉત્પતિ સ્થાનો ઉભા ન થાય તે માટેની જવાબદારી પણ મિલ્કત ધારકોની છે ત્યારે આ મામલે કોઈ કસુર જણાંય તેવા કિસ્સામાં પણ યોગ્ય પગલા લેવા ટીમ દ્વારા સર્વેના અંતે નોટીસ આપવાની કામગીરી કરવામાં આવી રહી છે. જેમાં કન્સ્ટ્રકશન સાઈટ પર પાણી ભરાયુ હોય, ઘરની અંદર બહાર જોવા મળતા મચ્છર ઉત્પતિ સ્થાનો શાળા સંકુલના ધાબામાં પાણી ભરાયુ હોય કે કેમ્પસમાં પણ મચ્છર ઉત્પત્તિ સ્થાનો જોવા મળે તો તેવા કિસ્સામાં નોટીસ આપીને યોગ્ય કાળજી ન લેવાય તો આકરા પગલા પણ લેવામાં આવી રહ્યા છે. વાહકજન્ય રોગચાળાને ડામવા માટે દરેક નાગરિકે પોતાની જવાબદારી નિભાવવા માટે પણ અપીલ કરવામાં આવી છે.

જોઈએ છે
રસોઈયા ભાઈ-બહેન
જોઈએ છે
ગાંધીનગરના કોબામાં વડિલને ત્યાં રહેવા-જમવા - પગાર
મો. ૯૯૨૪૩ ૫૫૩૫૯

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
મો. 98797 97884,
ફોન. : 079-2322251

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : જેકે વિઝન મિડિયા પ્રાઈવેટ લિમિટેડ વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર, જી. અમદાવાદ ખાતે છાપ્યું અને બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. કાર્યવાહક તંત્રી : મયુર જી. પટેલ, ફોન : ૨૩૨૨૫૭૧, મો. ૯૮૭૯૭૯૭૮૮૪, E-mail : gandhinagarsamachar@gmail.com